ગાંધીનગર સમાચાર
તા. ૭-૧૧-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

# શુભ મંગલ હો, શુભ મંગલ હો

ભારત હવે અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. બરાબર ભાઈબીજના દિવસે જ મંગળયાનનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કરી ભારતે એની આ વિશિષ્ટ ક્ષમતાનું પ્રમાણ આપી દીધું છે. વિક્રમ સંવત ૨૦૭૦નો પ્રારંભ એ દૃષ્ટિએ યુપીએ સરકાર માટે શુકનિયાળ સાબિત થયો છે. અણુ-મિસાઈલ ક્ષેત્રે અમેરિકા જેવા દેશોની ખફગી વહોરીને ઈંદિરા ગાંધીએ શરૂ કરેલી આગેકૂચ અંતે ભારતને અણુશક્તિ તરીકે પ્રસ્થાપિત કરીને જંપી હતી. ખુદ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ એમના કાર્યકાળ દરમિયાન પોખરણમાં કરાયેલ અણુ ધડાકા પાછળ ઈંદિરા ગાંધીના શાસનકાળ દરમિયાન રોપાયેલ અણુ શક્તિનાં બીજ પડયાં હોવાનો એકરાર કર્યો હતો. ભારતના વૈજ્ઞાનિકોએ દુનિયામાં એનું મસ્તક ગૌરવભેર ઊંચું રાખ્યું છે, એની સામે આજ રાજકારણીઓ ક્ષુલ્લક મુદ્દાઓ આગળ ધરી એકમેકની સામે કૂતરાં-બિલાડાંની જેમ દાંતિયાં કર્યા કરે છે, તે કેવો વિચિત્ર વિપર્યાસ છે! ધારો કે કોઈ કારણસર મંગળયાનના પ્રક્ષેપણ મુદ્દે થયેલ ઢીલ વધુ લંબાઈ હોત કે એમાં નિષ્ફળતા સાંપડી હોત તો શું આજના વિપક્ષી નેતાઓ એની રોકડી કરવામાં પાછી પાની કરવાના હતા? મનમોહનસિંહનું અને સોનિયા ગાંધીનું નસીબ પાધરું કે આ કરોડોના ખર્ચવાળા પ્રોજેક્ટમાં એમને પ્રારંભિક સ્તરે સફળતા સાંપડી છે. વિશ્વના ચોથા મંગળ પ્રવાસી રાષ્ટ્ર તરીકે ભારતનું નામ લખાઈ ગયું છે. ચીન અને જાપાનને નિષ્ફળતા સાંપડી છે એવા પ્રોજેક્ટમાં પહેલા જ પ્રયાસે ભારતને સફળતા સાંપડશે તો એ ભારતીય જ્ઞાન-વિજ્ઞાનની ગરિમાનું વધુ એક છોગું બની રહેશે. મંગળને આપણાં શાસ્ત્રોમાં ભૂમિપુત્ર કહ્યો છે. એને યુદ્ધનો દેવતા અને ગ્રહમંડળનો સેનાપતિ પણ કહેવામાં આવ્યો છે. આ લાલ ગ્રહ સાથે એના નામથી વિપરીત અનેક અમંગળ કલ્પનાઓ સંકળાયેલી છે. વૈજ્ઞાનિકો માટે એ કેવળ પૃથ્વીને મળતો બ્રહ્માંડનો પિંડ છે, જ્યાં ક્યારેક જીવન પણ હશે એવી કેટલાક વૈજ્ઞાનિકોની માન્યતા છે. મંગળ પર ધધકતા જવાળામુખી હોવા છતાં એનું તાપમાન ઘણું નીચું છે. પાણીની શકયતા તો હજીય છે, ભૂતકાળમાં ઘણું પાણી હશે, જે કાળક્રમે ઓછું થતું ગયું લાગે છે. પરંતુ વાતાવરણમાં વાદળ છે એટલે પાણી મળવાની શકયતા પણ રહે છે. મંગળ યાત્રાએ મોકલાયેલું ભારતનું યાન સંપૂર્ણપણે 'ભારતીય' છે, તે આપણે માટે ગૌરવ ઘટના છે. આ યાન ૩૦૦ દિવસ પછી મંગળ પર ખાબકશે. માનવરહિત યાન ભારતીય વિજ્ઞાનની સિદ્ધિનું ગુરુ શિખર જ બની રહેશે. પૃથ્વીની ભ્રમણ કક્ષામાં સફળતાપૂર્વક ફરી રહેલું યાન સમયસર મંગળવિજય કરે અને આપણા દેશની ભવ્યતાનો પુરસ્કાર કરે, એવી મંગળ કામનાઓ સેવવાનો આપણને જન્મસિદ્ધ અધિકાર છે. ક્યાં તો હજારો વર્ષો લગી ગુલામીમાં સબડતો રહેલો આ મહાન દેશ દુનિયાની સૌથી પછાત વસાહતો પૈકીનો એક ગણાતો હતો, અને આઝાદી પછી પંડિત નહેરુની દીર્ઘદૃષ્ટિને અનુસરી એણે જે વૈજ્ઞાનિક આગેકૂચ આદરી એમાં છ દાયકાના ગાળામાં ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે! આપણે એ મુદ્દે ગૌરવ અવશ્ય લઈ શકીએ પરંતુ ગ્રહો કરતાં પૂર્વગ્રહો પર વિજય મેળવવો એ ઘણી અઘરી બાબત છે. સવિશેષ તો બહુપક્ષીય સંસદીય લોકતંત્રમાં પ્રજા રાજકારણીઓના ચાળે ચડીને આવા પૂર્વગ્રહોથી પીડાતી થઈ જાય છે ત્યારે આવા ભવ્ય મનોરથ સામે આપણી પાંગળી માનસિકતા હાવી થતી જોઈ વિષાદ ન થાય તો જ નવાઈ. આ શુભ પ્રસંગે સર્વે ભારતીયોને 'શુભમંગલ' કામનાઓ.

## ૧૬ જેટલા નાયબ સેકશન અધિકારીઓને સેકશન અધિકારી તરીકે બઢતી

| નામ | હાલની જગ્યા | બઢતીથી જગ્યા |
|---|---|---|
| ડી.આર. મહંત | ના.સે. અધિકારી પંચાયત ગ્રા.ગૃ.નિ. ગ્રા.વિ. વિભાગ | સેક્શન અધિકારી મહેસૂલ વિભાગ |
| શ્રીમતી આર.એચ. પટેલ | મહેસૂલ વિભાગ | નર્મદા જ.સં.પાં.પુ. અને કલ્પસર વિભાગ |
| આર.વી. પટેલ | નર્મદા જ.સં.પા.પુ. કલ્પસર વિભાગ | નર્મદા જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ |
| ડી.આર. પટેલ | નાણા વિભાગ | કૃષિ સહકાર વિભાગ |
| પી.સી. દરજી | કાયદા વિભાગ | કાયદા વિભાગ |
| એન.ડી. વાઘેલા | કૃષી સહકાર વિભાગ | વૈધાનિક અને સં. બાબતોનો વિભાગ |
| ડી.એમ. ચૌહાણ | મહેસૂલ વિભાગ | શિક્ષણ વિભાગ |
| એ.એસ. જસાણી | નાણા વિભાગ | રમતગમત યુ. અને સાં.પ્ર. વિભાગ |
| એમ.બી. શાહ | મહેસૂલ વિભાગ | શિક્ષણ વિભાગ |
| વાય.બી. ઠક્કર | સામાન્ય વહીવટ વિભાગ | નાણા વિભાગ |
| એમ.એમ. જાની | માર્ગ અને મકાન વિભાગ | કૃષિ સહકાર વિભાગ |
| શ્રીમતી એસ.એસ. જોષી | નર્મદા જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ | માર્ગ મકાન વિભાગ |
| એચ.એન. વૈદ્ય | અન્ન ના. અને ગ્રા.પુ. બા. વિભાગ | કૃષિ સહકાર વિભાગ |
| આર.એ. પટેલ | રમત ગમત યુ. અને સાં.પ્ર. વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| એચ.સી. પટેલ | માર્ગ મકાન વિભાગ | મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| એન.એ. શેઠ | માર્ગ મકાન વિભાગ | સરદાર સરોવર નર્મદા નિ.લિ. ગાંધીનગર |

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા 'ઓચ્છવ' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૬

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા શ્રી કોટીયાર્ક પ્રભુનો સંવત ૨૭૦નો 'ઓચ્છવ' કાર્યક્રમ તા.૧૪ નવેમ્બર ગુરુવારે બપોરે ૨.૩૦ કલાકે સે-૨૩ લગ્નવાડી ખાતે રાખેલ છે. જેમાં 'ઓચ્છવ'ના શુભેચ્છકો દ્વારા પૂજનવિધિ કરવામાં આવશે. તેમજ કાર્યક્રમ દરમિયાન બે વર્ષ માટેની કારોબારીની રચના કરવામાં આવનાર છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર જ્ઞાતિજનોએ પ્રસાદ માટેના પાસ તા. ૧૦ સુધી મેળવી લેવાના રહેશે તેમ ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.



અન્નકુટ - ભગવાનને અન્નકુટ ધરાવવાની પરંપરા ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે... ભોજનમાં ભાવ ભળે એટલે પ્રસાદ બને... એ ભાવના વર્ષોથી માનવ તત્વ સાથે સંકળાયેલી છે... નવા વર્ષના શુભારંભે ભાવિકો છપ્પન ભોગનો પ્રસાદ બનાવે અને ભગવાનને ધરાવે જેને અન્નકુટ કહેવાય છે... પરમ તત્વને અર્પણ કરી ગ્રહણ કરવું એને માનવ સંસ્કાર તરીકે આલેખાય છે....

# ગાંધીનગરમાં તહેવારોમાં અકસ્માતોની વણઝાર

## નાના-મોટા ૪૪ અકસ્માતો બન્યા : ૬૦થી વધુ વાહનાલકો તથા વાહનસવારો ઘવાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં દિવાળીના તહેવારોના દિવસોમાં અકસ્માતોની વણઝાર થવા પામી હતી. અલગ અલગ વિસ્તારોમાં માર્ગો પર વાહનો સ્લીપ ખાધા ઉપરાંત બે વાહનો વચ્ચે ટકકર અને પશુ સાથે વાહનો અથડાતા વાહન ચાલક તથા વાહનસવારોને ઈજાઓ થવાના સંખ્યાબંધ બનાવો બનવા પામ્યા હતાં. નાના મોટા ૪૪ જેટલા અકસ્માતોમાં ૬૦થી વધુને ઈજાઓ થવા પામી હતી જે પૈકી કેટલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તો કેટલાકે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હતી.

ગાંધીનગરમાં કેટલાક લોકોએ તહેવારોની રંગેચંગે ઉજવણી કરીને ઉમંગ અને ઉત્સાહભેર પર્વોને મનાવ્યા હતા જયારે કેટલાક લોકોએ હોસ્પિટલમાં સારવાર લઈને કે હોસ્પિટલમાં દાખલ થયેલા સંબંધી સ્નેહીની દેખરેખ રાખવામાં તથા ખબર અંતર પુછવામાં તહેવારો પુરા કર્યા હતાં. ગાંધીનગરમાં જ આ તહેવારોમાં સંખ્યાબંધ અકસ્માતો સર્જાયા હતા. એકાદ-બે અકસ્માતોને બાદ કરતાં સદભાગ્યે તમામ માર્ગ અકસ્માતોમાં જાનહાની થવા પામી ન હતી. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાં નાના મોટા ૪૪ જેટલા માર્ગ અકસ્માતો સર્જાયા હતા. જે પેકી વાહન ચલાવનારા તથા વાહન પાછળ બેસનારા મળીને ૬૦થી વધુને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. જે પૈકી કેટલાકે સરકારી તો કેટલાકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

# દિપાવલી પર્વો દરમિયાન ૧૦૮ ઈમરજન્સીના વધુ કોલ નોંધાયા

## દિપાવળીના દિવસે ૨૬૭૦થી વધારે અને નુતન વર્ષના દિવસે ૩૩૫૦થી વધારે કોલ્સ નોંધાયા હોવાના અહેવાલ

અમદાવાદ,તા. ૬

રોશનીના તહેવાર દિવાળી પર ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સર્વિસનુ કામ અનેક ગણુ વધી જાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈમરજન્સી સર્વિસને વધારે કામ આવ્યું હતું. દિવાળીના પ્રસંગે સામાન્ય કરતા ૪૫-૫૦ ટકા વધારે કોલ્સ ઈમરજન્સી સેવાને મળ્યા હોવાની વિગત મળી છે.



દિવાળીના પ્રસંગે નોધવામાં આવેલા ઈમજરન્સી કોલ્સ પર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે આ દિવસો દરમિયાન વધારે કોલ્સ આવ્યા હતા. દિવાળીના એક દિવસ પાહેલા ઈમરજન્સી સેવાને ૨૪૧૧ જેટલા કોલ્સ મળ્યા હતા. જ્યારે દિવાળીના દિવસે કુલ ૨૬૭૦ કોલ્સ મળ્યા હતા જ્યારે નુતન વર્ષના દિવસે ૩૩૫૦કોલ્સ મળ્યા હતા. તહેવાર પર દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સેવા દ્વારા ખાસ તૈયારી કરવામાં આવી હતી. જેના કારણે કોલ્સને પહોંચી વળવામાં સફળતા મળી હતી. તહેવારની સિઝનમાં મોડે સુધી લોકો ફરે છે અને વાહનોની અવરજવર પણ ખુલ્લા રસ્તામાં રહે છે. જેથી બનાવોનો ખતરો રહે છે. આવી સ્થિતીમાં ૧૦૮ દ્વારા પહેલાથી આયોજન કરવામાં આવે છે. સામાન્ય દિવસોમાં પણ ઈમરજન્સી કોલ સતત રહે છે પરંતુ તહેવારોમાં આના કરતા વધારે કોલ્સછે.



રંગોળી - દિપાવલી પર્વોમાં ઉલ્લાસના પ્રતિકરૂપે ઘરઆંગણે રંગોળી સજાવાય છે... સેક્ટર-૨૭ની સોમેશ્વર સોસાયટીના બ્લોક નં. ૮૫૯ના આંગણામાં લક્ષ્મી માતાજીની અનોખી રંગોળી સજાવાય હતી. લક્ષ્મીજીનું દિવ્ય સ્વરૂપ રંગોળીમાં પ્રતિબિંબિત થાય છે...

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચની પાછળ સે. ૨૧ના શાકમાર્કેટમાં ગાય દોડતાં પડી જતાં પગે ફેક્ચર થયું છે.
- ચિલ્ડ્રન યુનિ. દ્વારા બાલ સ્વર વિશ્વનો પ્રથમ આર્વિભાવ રૂપે ઊર્મિગીતો, ભક્તિગીતો અને દેશભક્તિ ગીતોની ઓડિયો સી.ડી.નું વિમોચન ૧૧મીએ થવાનુ છે.
- ગાંધીનગર કલેક્ટર ડૉ. સરૂપ દિપાવલી પર્વ મનાવવા પોતાના વતન જતાં કલેક્ટર તરીકેનો કાર્યભાર વિક્ટર મેકવાનને સોંપવામાં આવ્યો છે.
- કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે એન.સી.સી.નો ઝોનલ પ્રિ.આર.ડી.સી. કેમ્પ આજથી આરંભાયો છે. જેમાં છ રાજ્યોના એન.સી.સી.ના કેડેટ્સ ભાગ લઈ રહ્યા છે.
- ગાંધીનગરની તમામ સરકારી કચેરીઓમાં દિવાળીનો માહોલ જોવા મળતો હતો. કર્મચારીઓ અને અધિકારીઓ આજે નવા વર્ષની શુભકામનાઓની આપલે કરવામાં વ્યસ્ત હતા.
- ગાંધીનગર ખાતે આજથી બાસ્કેટબોલ અને વોલીબોલ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આ રાજયસ્તરની સ્પર્ધામાં બાળકોને આયોજકોની અવ્યવસ્થાનો ભોગ બનવું પડ્યું હતું.
- ગાંધીનગર જેસીઝ દ્વારા યોજાયેલ સુપર સીંગર ઓફ ધી સીટીના સ્પર્ધકોએ ભેગા થઈ સ્પર્ધાના આયોજકોને સરસ આયોજનને બિરદાવવા ભોજન-સમારોહનું આયોજન કર્યુ હતું.
- ગાંધીનગર ઈન્ડિયન મેડીકલ એશો.ના પ્રમુખ શ્રી અનિલ ચૌહાણના પિતાનું દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગરના વાતાવરણમાં આજે પલ્ટો જણાતો હતો.

# રાજય સરકારના ચોથા વર્ગના કર્મચારીઓ બોનસથી વંચીત

## નાણા મંત્રીની આડોડાઈ જવાબદાર : રામેશ્વર લોટ

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજય વર્ગ-૪ના કર્મચારીઓને દિવળી બોનસ ન ફાળવવાથી વર્ગ-૪ના કર્મીઓની દિવાળી હોળી સમાન બની ગઈ છે. રાજય સરકાર દ્વારા દર વર્ષે વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી પહેલા જ બોનસ આપી દેવામાં આવે છે. પણ આ વર્ષે હજુ સુધી બોનસ ના આપવાથી કર્મચારીઓમાં હતાશા વ્યાપી ગઈ છે.

રાજય સરકાર દ્વારા ચોથા વર્ગના કર્મચારીઓની દિવાળી બગડવાના બદ ઈરાદાથી કર્મચારીઓને આ વર્ષનું બોનસ આપવામાં આવ્યું નથી. વર્ગ-૪ કર્મચારી મહામંડળના પ્રમુખે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે નાણા વિભાગના સચિવ, અગ્રસચિવ તેમજ ગુજરાતના મુખ્ય સચિવ દ્વારા ચોથા વર્ગના કર્મીઓની દિવાળી સુધરે તેવા હેતુથી ફાઈલમાં સહી કરવામાં આવી છે. પરંતુ રાજયના નાણામંત્રીના વર્ગ-૪ના કર્મચારીઓની દિવાળી સુધરે તેમ ન ઈચ્છતા હોવાથી નાણામંત્રી નિતીનભાઈ પટેલે સહી કરવાની બાકી રાખી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સચિવાલય અને વિધાનસભામાં કોન્ટ્રાકટ બેઝ પર ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી નિમિત્તે ભેટ, સોગાદ અને મીઠાઈ આપવામાં આવતી હોય છે તો રાજયના વર્ગ-૪ના કર્મચારીઓને કમ નહીં?

દર વર્ષે નાણા મંત્રી વર્ગ-૪ના કર્મચારીઓની દિવાળી સુધરે તેવું ઈચ્છતા હોય છે પણ આ વર્ષે નાણા ખાતું નિતીનભાઈ પટેલને મળવાથી તેમણે વર્ગ-૪ના કર્મચારીઓની દિવાળી ઉપર પાણી ફેરવી નાંખ્યું છે. જેથી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અંગત રસ લઈ રાજયના વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ અપાવે તેવી ઈચ્છા મહામંત્રી પ્રવિણ સોલંકી અને પુનમભાઈ સોલંકીએ વ્યકત કરી છે.



હનુમાન ચાલીસા - કાળીચૌદશની સાંજે સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે હનુમાનજીની પૂજા-અર્ચન કરાયા હતા. સેંકડો ભાવિકોની હાજરીમાં હનુમાન ચાલીસાના પાઠ કરાયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી સેક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિરના સંકુલમાં હનુમાનજીના દર્શને મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે... આ પ્રસંગે પૂજ્ય હરિકેશવદાસજીએ હનુમાન ચાલીસાનો મહિમા સમજાવ્યો હતો....

# આસારામ સામે ચાર્જશીટ દાખલ

## ૧૩૦૦ પાનાની ચાર્જશીટ જોધપુર કોર્ટમાં દાખલ કરાઇ : આરોપો સાબિત થશે તો આજીવન કેદની સજા થઇ શકે છે :કસ્ટડી ૧૬મી સુધી વધારી દેવાઈ

જોધપુર,તા.૬

જોધપુર પોલીસે જાતિય સતામણી અને બળાત્કાર કેસના સંબંધમાં જાતે બની બેઠેલા વિવાદાસ્પદ ગોડમેન અસારામ સામે આજે ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં તેમને રેપના આરોપી દર્શાવવામાં આવ્યા છે. રાજસ્થાન પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. દરમિયાન જોધપુરની ટ્રાયલ કોર્ટે તેમની કસ્ટડીને ૧૬મી નવેમ્બર સુધી વધારી દીધી હતી. ચાર્જશીટમાં આસારામ પર બાળકો સામે જાતિય ગુનાઓને રોકવા સાથે સંબંધિત કઠોર કાયદા હેઠળ આરોપો મુકવામાં આવ્યા છે. જો તેમની સામે આરોપો સાબિત થશે તો આજીવન કારાવાસની સજા કરવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે ૧૩૦૦ પાનાની ચાર્જસીટમાં આસારામ અને તેમના સમર્થકો સામે કાવતરા અને માનવીના શોષણનો પણ આરોપ મુકવામાં આવ્યો છે. આસારામ દેશભરમાં ૪૦૦ આશ્રમ ચલાવે છે. ચાર્જસીટમાં આશરે ૧૪૦ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. આસારમ પર ગુજરાતમાં જાતિય અત્યાચારનો આક્ષેપ મુકવામાં આવ્યો છઠે. સુરત પોલીસ બે બહેનોના આક્ષેપોમાં હજુ તપાસ કરી રહી છે. આસારામનો પુત્ર નારાયણ સાંઇ સપ્તાહથી પોલીસને થાપ આપી રહ્યો છે. સગીરા સાથે બળાત્કાર અને તેના શોષણના આક્ષેપ બાદ જોધપુર પોલીસ દ્વારા આસારામની ધરપકડ કરવામાં આવી હતી. ૭૨ વર્ષીય આસારામ પહેલી સપ્ટેમ્બરથી જોધપુરની સેન્ટ્રલ જેલમાં છે. ૧૬ વર્ષીય સગીરાએ ૨૦મી ઓગસ્ટના દિવસે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને જોધપુર નજીક તેમના આશ્રમમાં તેની પર જાતિય અત્યાચાર ગુજારવાનો આસારામ પર આક્ષેપ કર્યો હતો. આસારામની ઈન્દોરમાં તેમના આશ્રમથી ધરપકડ કરવામાં આવ્યા બાદ પહેલી સપ્ટેમ્બરના દિવસે આસારામને લઈને પોલીસ ટુકડી જોધપુર પહોંચી હતી. ધરપકડ કરવામાં આવ્યા બાદ તરતજ આસારામે કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી.

## દિવાળી પર્વ ટાણે પેન્શન ચુકવણી કચેરીની પ્રસંશનીય કામગીરી

ગાંધીનગર, તા. ૬

ઓકટોબર માસના અંતિ દિવસે નિવૃત્ત થનાર કર્મચારીઓને પેન્શન મંજૂરીના પત્ર રજૂ કરતાં તમામને પોતાની ગેજ્યુઈટી પેન્શન રૂપાંતરના ચેક પહેલી નવેમ્બરે આપી દીધા હતા. જે ખરેખર કચેરીના કર્મચારીઓની પ્રસંશનીય કામગીરી છે. કારણ કે સામાન્ય દિવસોમાં ચુકવણી ૧૦ દિવસે થતી હોય છે. પરંતુ દિવાળી તહેવારોમાં નિવૃત્ત થતાં કર્મચારીઓને એ જ દિવસે ચેક મળતાં આનંદિત થયા હતા.

## આજે કલાકારો અને કલારસિકોનું સ્નેહમિલન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર હવે કલા અને સાહિત્ય ક્ષેત્રે એક આગવી ઓળખ પ્રાપ્ત કરી ચુકયું છે. શહેરના કલાકારો અને કલારસિકોનો નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ યોજવામાં આવેલ છે. આ સમારંભ ૭મી નવેમ્બર ગુરુવારે લાભપાંચમના દિવસે સેકટર-૪-એમાં 'સ્નેહરજની', પ્લોટ નં. ૧૮૭/૨ ખાતે સાંજે ૬.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં શહેરના અનેક નામી કલાકારો અને અગ્રણી હસ્તીઓ જોડાશે. આ સમારંભમાં ભાગ લેવા માટે જાણીતા કલાકારો સહિત અનેક કલારસિકોને પણ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ